**ફોજદારી કેસ નં.: ૧૦૯૨/૨૦૧૪**

**પેરા–૭:–**

**(૧)** આ કામનાં આરોપી સામે ધી પ્રોહિબિશન ઍક્ટની કલમ–૬૬(૧) (બી), ૬૫(ઈ) નાં ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, પોતે મધ્યમ વર્ગનાં માણસ છે અને અજાણતાં ગુનો થઈ ગયેલ છે તેમજ હવે પછી આવા પ્રકારનો ગુનો નહિ કરવાની ખાતરી આપેલ છે અને ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે. કુટુંબની તમામ જવાબદારી તેમનાં ઉપર હોઈ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રે ની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદનમાં સ્વેચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

**(૨)** આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતાં તેમજ **રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ **ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં, તેમજ આ કેસ નવો કાયદો અમલમાં આવ્યો તે પહેલાનો કેસ હોઈ, તે રીતે તેને જુના કાયદાની જોગવાઈ લાગુ પડતી હોઈ, તેમજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ તે લક્ષમાં રાખતા, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિધ્ધાંત ને ધ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, આ ઉપરાંત આરોપી ઉપર જે કેસ છે તે જુના પ્રોહીબીશન અધિનિયમ અન્વયે દાખલ થયેલો કેસ છે આરોપી પાસેથી મળી આવેલ દારૂના જથ્થાની માત્રા ધ્યાને લેતાં યોગ્ય રકમ દંડ સાથે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**–: હુ ક મ :–**

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ધી પ્રોહિબિશન એકટ ની કલમ–૬૬(૧) (બી), ૬૫(ઈ) નાં ગુના માટે તકસીરવાર ઠરાવી, ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૬ (૧) (બી), ૬૫ (ઈ) નાં ગુના માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂપિયા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પૂરા) નો દંડ તથા દંડ ના ભરે,તો દિન–૧૫ (પંદર) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

આ કામે મુદ્દામાલ વાહન અથવા અન્ય કોઈ કિંમતી મુદ્દામાલ કબ્જે કરેલ હોય અને તે અંગે વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો, તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે અન્યથા માલિકીનો આધાર રજુ કર્યેથી માલિકને પરત સોંપવાનો અને અપીલ સમય બાદ સરકાર દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે અન્ય બીનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૮મી ફેબુઆરી, ૨૦૨૦ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૮/૦૨/૨૦૨૦.

(દિલીપસિંહ ભાવસિંહજી ગોહીલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
**(GJ00757)**

Identified By me,

Advocate,